# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-07-2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રીએ ધરોઈ બંધ વિસ્તારમાં વૈશ્વિક કક્ષાની પરિયોજનાના વિકાસકાર્યોનું સ્થળ નિરીક્ષણ કર્યું.**
2. **કેન્દ્ર સરકારની ચાર યોજનાની બેન્કિંગ સેવાની કામગીરી હવે ઈ-ગ્રામ કેન્દ્રમાંથી થશે.**
3. **રાજ્યમાં આવતીકાલ બાદ વરસાદ વિરામ લે તેવી હવામાન ખાતાની આગાહી.**
4. **આજે વિશ્વ સર્પ દિવસ - રાજ્યમાં હાલ 50થી વધુ સાપની પ્રજાતિ અસ્તિત્વમાં.**
5. **જર્મનીમાં આજથી શરૂ થનારી વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સમાં ભારતની ટૅબલ ટેનિસ ટીમમાં રાજ્યના 2 ખેલાડીનો સમાવેશ.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# CM DEVELOPMENT WORK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે ધરોઈ બંધ વિસ્તારની મુલાકાત લીધી. દરમિયાન તેમણે વિસ્તારમાં હાથ ધરાયેલા વિશ્વ કક્ષાના ટકાઉ પ્રવાસન અને ધાર્મિક પ્રવાસન સ્થળ તરીકેની બહુવિધ પ્રવાસન પરિયોજનાના વિકાસકાર્યોનું સ્થળ નિરીક્ષણ કર્યું. આ વિકાસ પરિયોજના અંદાજે એક હજાર 100 કરોડ રૂપિયાના ખર્ચે ત્રણ તબક્કામાં હાથ ધરાઈ રહ્યો છે. તેના થકી સ્થાનિક રોજગારની નવી તકનું સર્જન થશે.

શ્રી પટેલે રાજ્યના જળાશયોની સ્થિતિ અંગે બંધ સુરક્ષાની ઉચ્ચસ્તરની બેઠક પણ યોજી. રાજ્યના સૌથી મોટા સરદાર સરોવર બંધની સુરક્ષા અંગેની સમીક્ષા દરમિયાન જણાયું કે, બંધના ઉપરના પ્રવાહના વિસ્તારમાંથી મળતી જળ-સ્તર અને વરસાદની માહિતી અંગે સંબંધિત રાજ્યો વચ્ચે સંકલન રખાય છે. હાલમાં આ બંધમાં ચાર હજાર 889 મિલિયન ઘન મીટર પાણી છે.

# TARNETAR MELO BETHAK

સુરેન્દ્રનગરના થાનગઢ તાલુકાના તરણેતર ખાતે આગામી 26થી 29 ઑગસ્ટ સુધી તરણેતરનો ભાતીગળ લોકમેળો યોજાશે. ગઈકાલે કલેકટર ડૉ. રાજેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં તેમણે વિવિધ વિભાગના અધિકારીઓને જરૂરી સુચન અને માર્ગદર્શન આપ્યું. કલેક્ટરશ્રીએ રાસ-ગરબા અને ઝાલાવાડી પોશાક થકી ઝાલાવાડની ઓળખ વિશ્વ સુધી પહોંચાડવા પણ લોકોને અપીલ કરી.

**(BYTE- RAJENDRA PATEL, DISTRICT COLLECTOR, SURENDRANAGAR)**

# CM PATEL NIRNAY

રાજ્ય સરકારે પ્રધાનમંત્રી જનધન સહિત કેન્દ્ર સરકારની ચાર યોજનાની બેન્કિંગ સેવાઓની કામગીરી ઈ-ગ્રામ કેન્દ્ર ખાતેથી કરી આપવાનો નિર્ણય કર્યો છે. દેશભરમાં આગામી 30 સપ્ટેમ્બર સુધી ચાલી રહેલા "જન સુરક્ષા અભિયાન"ને પ્રોત્સાહન આપવા આ નિર્ણય કરાયો છે. આ માટે ઈ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટી દ્વારા V.C.E.ને મહેનતાણા તરીકે 20 રૂપિયા ચૂકવવામાં આવશે તેમ પંચાયત, ગ્રામ ગૃહ-નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની યાદીમાં જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે, "જન સુરક્ષા અભિયાન" હેઠળ પ્રધાનમંત્રી જનધન યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અને અટલ પેન્શન યોજના હેઠળ પાત્રતા ધરાવતા નાગરિકોનું નામાંકન કરાવવા જેવી સુવિધાઓ હવે ગ્રામીણ કક્ષાએ VCE દ્વારા વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવાશે.

# WEATHER FORECAST

હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. દરમિયાન આવતીકાલ બાદ વરસાદ વિરામ લે તેવી પણ શક્યતા છે. જ્યારે માછીમારોને 19 જુલાઈ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉ. એ. કે. દાસે જણાવ્યું.

**(BYTE- DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)**

બીજી તરફ, રાજ્યમાં ગઈકાલે રાત્રે આઠ વાગ્યા સુધીમાં 41 તાલુકામાં વરસાદ નોંધાયો. સૌથી વધુ અઢી ઈંચ જેટલો વરસાદ મહીસાગરના કડાણા તાલુકામાં થયાના અહેવાલ છે. જ્યારે નવસારીના વાંસદા, બનાસકાંઠાના દાંતા, વલસાડના ધરમપુર, મહીસાગરના લુણાવાડા સહિત નવ તાલુકામાં એકથી દોઢ ઈંચ વરસાદ નોંધાયો.

## RAIN NUMBERS

રાજ્યમાં ગઈકાલે છૂટાછવાયા સ્થળોએ વરસાદ નોંધાયો. મહીસાગરના કડાણામાં સૌથી વધુ બે ઈંચ જેટલો વરસાદ વરસ્યો. લુણાવાડા, ખાનપુર, કડાણા અને સંતરામપુર તાલુકામાં વરસાદને લઈને ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી.

જ્યારે નવસારીના વાંસદા તાલુકામાં પોણા બે ઈંચ અને બનાસકાંઠાના દાંતા તાલુકામાં અંદાજે સવા એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો. ડાંગ, પાટણ, નવસારી, મહેસાણા અને અરવલ્લી જિલ્લાઓમાં અંદાજે અડધાથી પોણા એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો.

## VISHVA SARP DIVAS

આજે 16 જુલાઈએ વિશ્વ સર્પ દિવસ મનાવાશે. સાપના મહત્વને ઉજાગર કરવા અને તેમના સંરક્ષણ દ્વારા જાગૃતિ ફેલાવવાના હેતુથી દર વર્ષે આ દિવસ મનાવાય છે. સાંભળીએ એક અહેવાલ.

(વૉઈસકાસ્ટઃ યશવીબેન)

*(.સાપ એ પ્રકૃતિનું અજોડ સર્જન છે, જે પર્યાવરણની સુંદરતા અને સંતુલનનો અભિન્ન ભાગ છે. સાપ નાના પ્રાણીઓ અને જીવજંતુઓના ભક્ષણ થકી તેમની વસતિને નિયંત્રિત કરી પર્યાવરણની સાંકળમાં મહત્વની ભૂમિકા ભજવે છે. ત્યારે રાજ્યમાં હાલમાં અંદાજે 50થી વધુ સાપની પ્રજાતિ અસ્તિત્વમાં છે. ગાંધીનગરના ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન અને જુનાગઢના સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયના સર્પગૃહમાં નાગ, કાળોતરો, ફૂરસો અને ખળચિતડો જેવા ઝેરી તથા અજગર, ધામણ, ભમ્ફોડી, આંધળી ચાકળ જેવા બિન-ઝેરી સાપ આકર્ષણનું કેન્દ્ર રહ્યા છે. જ્યારે વનવિભાગ દ્વારા શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સાપ બચાવ ટુકડીએ ગત એક વર્ષમાં અંદાજે 492 જેટલા સાપને બચાવી સલામત સ્થળે છોડવાની કામગીરી કરી છે.*

*સમાચાર વિભાગથી યશવી મેહતા, આકાશવાણી, અમદાવાદ)*

# GERMANY UNI GAMES

**જર્મનીમાં આજથી શરૂ થનારી વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સમાં ભારતની ટેબલ ટેનિસ ટીમમાં રાજ્યના બે ખેલાડીનો સમાવેશ કરાયો છે. મળતી માહિતી મુજબ, જર્મનીના રૂહર શહેરમાં યોજાનારી આ રમત આગામી 27 જુલાઈ સુધી ચાલશે. ત્યારે ભારતીય ટીમમાં સામેલ રાજ્યના 23 વર્ષના અયાઝ મુરાદ અને 20 વર્ષના દેવર્ષ વાઘેલા બંને સુરતના છે.**

**બંને ખેલાડી સુરતમાં રાજ્ય રમતગમત સત્તામંડળ તાપ્તિ વેલી હાઈ પરફોર્મેન્સ ટેબલટેનિસ કેન્દ્ર ખાતે ગત બે વર્ષથી તાલીમ લઈ રહ્યા છે. ભારતીય ટીમ સિંગલ્સ, મેન્સ, ડબલ્સ, મિક્સ્ડ ડબલ્સ અને ટીમ ઇવેન્ટમાં ભાગ લેશે.**

# NAVSARI SPECIAL STORY

રાજ્ય સરકારે આંતરિયાળ વિસ્તારોમાં રહેતા વિદ્યાર્થીઓ માટે શાળાએ આવવા-જવા નિઃશુલ્ક પરિવહન સેવા શરૂ કરી છે. ત્યારે નવસારી જિલ્લાની પ્રાથમિક શાળાના બાળવાટિકાના 38 અને પહેલા ધોરણથી આઠ-મા ધોરણના 736 વિદ્યાર્થીઓ મળી કુલ 774 વિદ્યાર્થી આ યોજનાનો લાભ લઈ રહ્યા છે. લાભ લેનારા વિદ્યાર્થી અંશ આહિરના પિતા દીપક આહિરે વધુ માહિતી આપી.

**(BYTE- DIPAK AHIR)**

# GANDHINAGAR MUNICIPAL

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની ગઈકાલે બેઠક યોજાઈ ગઈ. બેઠકમાં તળાવ વિકાસ માટે મહત્વની ચર્ચા કરવામાં આવી. દરમિયાન માર્ગ અંગેનું એક ટેન્ડર મંજૂર કરાયું. ઉપરાંત મહાપાલિકાના રાંધેજા પેથાપુરના મુખ્ય દરવાજાની માગણી પણ બેઠકમાં મંજૂર કરવામાં આવી. મંજૂર થયેલા તમામ કામ સમય મર્યાદામાં પૂર્ણ કરાશે.

બેઠકમાં ફિક્સ, સ્ટ્રક્ચર ઊભું કરવા મહાનગરપાલિકા કિંમત વસૂલશે તેવો નિર્ણય પણ કરાયો. આ માટે સ્ટ્રક્ચર ઈજનેરની મંજૂરી લેવી પડશે. જ્યારે અગ્નિશમન દળની હદ બહારની સેવાઓ માટેના કોઈ ચાર્જ નહીં લેવાય.

# PATAN PROPERTY CELL

ગુજરાત વિજ્ઞાન અને ટૅક્નોલૉજી વિભાગ પરિસદ દ્વારા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત વિશ્વ-વિદ્યાલયને વિજ્ઞાન અને ટેક્નોલૉજીના ઈન્ટલેૅક્ચ્યૂઅલ પ્રૉપર્ટી સેલની સ્થાપના કરવા મંજૂરી અપાઈ છે. વિશ્વ-વિદ્યાલયના કુલપતિ પ્રૉફેસર ડૉક્ટર કે. સી. પોરીયાએ કહ્યું, આ સેલ દ્વારા પેૅટર્ન ઇન્ફર્મેશન સેૅન્ટર અને ઈન્ટલેક્ચ્યૂઅલ પ્રૉપર્ટી અધિકાર અંગેની જાગૃતિ માટે કાર્ય કરાશે.

સેલ દ્વારા **I.P.R.**ને લગતી વિવિધ પ્રવૃત્તિઓ કરી તેની જાગૃતિ અને સમજ માટેના વિવિધ કાર્યક્રમ પણ યોજવામાં આવશે. તેના દ્વારા મહાવિદ્યાલયોના વિદ્યાર્થીઓ, યુવા સંશોધક, ઇનોવેટર્સ અને આંતર પ્રિન્યોરને તેમની પેૅટર્ન, ડિઝાઈન, કૉપીરાઈટ, ટ્રેડમાર્ક, જીઓ ટેગ અને ટ્રેડ સિક્રેટ અંગેની માહિતી અપાશે.

-----------------------------------------------------------------------------------------------------------